# લાડવેલથી ભાગી નીકળેલાં યુવક અને વિધવાના મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવતાં ચકચાર

(બ્યુરો) નડીયાદ,તા.૧૩

કઠલાલના લાડવેલ ગામેથી શુક્રવાર મધરાત્રીના સમયે ભાગી નીકળેલ પ્રેમી પંખીડા એવા એક યુવક તેમજ વિધવા મહીલા બન્નેના મૃતદેહ આજે નજીકના લસુન્દ્રા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના પાણીમાંથી મળી આવતાં ભારે સનસનાટી મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર કઠલાલના લાડવેલ ગામની દૂધાવેલ સીમમાં રહેતા દીલીપ ઉર્ફે કાબો જવાભાઈ રાઠોડને ખેત મજૂરી દરમ્યાન ગામના અશોકભાઈ પ્રતાપભાઈ રાઠોડના મૃત્યુ બાદ વિધવા પત્ની નિરૂબેન સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો.

બન્ને પ્રેમી પંખીડા રોજબરોજ એકાંતમાં મિલન મુલાકાત કરી પ્રેમાલાપ કરતા હતા. દરમ્યાન બન્નેને એકબીજાનો વિરહ સહેવાતો ન હોઈ પ્રેમી પંખીડાએ સાથે જીવવાનું નક્કી કર્યું હતું.

જેના પગલે દીલીપ ઉર્ફે કાબો તેમજ વિધવા નિરૂબેન શુક્રવાર મધરાત્રીના સમયે ઘેરથી ભાગી નીકળ્યા હતા. બાદ બન્ને નજીકના લસુન્દ્રા ગામની સીમમાં ગયા તે દરમ્યાન સમાજ આપણને સાથે જીવવા નહીં દે તેવું બન્નેને લાગ્યું હતું. જેથી બન્નેએ સાથે જીવવામાં બાધારૂપ બનતો સમાજ સાથે મરતાં તો રોકી નહીં શકે તેમ નક્કી કરી બન્ને લસુન્દ્રા ગામની સીમમાંથી પસાર થતી કેનાલ ખાતે ગયા હતા. બાદ કેનાલના પાળા પર પોતાના ચંપલ કાઢી દિલીપ ઉર્ફે કાબો (ઉ.વ.૩૪) અને નીરૂબેન (ઉ.વ.૩૨)એ કેનાલના પાણીમાં એક સાથે ઝંપલાવી દીધું હતું.

આ વચ્ચે વિધવા પુત્રવધુ ગૂમ થયાની જાણ કઠલાલ પોલીસ મથકે સાસુએ કરતાં પોલીસ હરકતમાં આવી હતી. બાદ પોલીસે હાથ ધરેલ તપાસ દરમ્યાન લસુન્દ્રા સીમ સ્થિત કેનાલના પાળા પરથી બન્નેના ચંપલ મળી આવ્યા હતા.

જેથી પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી કેનાલના પાણીમાં બન્નેની શોધખોળ આદરી હતી પણ સ્થાનિક તરવૈયાઓની ભારે જહેમત બાદ પણ દિલીપ ઉર્ફે કાબો તેમજ નિરૂબેનનો કોઈ અતોપતો હાથ લાગ્યો ન હતો.

દરમ્યાન આજે સવારના સમયે લસુન્દ્રા સીમ સ્થિત નર્મદા કેનાલના પાણીમાંથી થોડા થોડા અંતરેથી પ્રેમી પંખીડા એવા દિલીપ ઉર્ફે કાબો (ઉ.વ.૩૪) તેમજ વિધવા નીરૂબેન (ઉ.વ.૩૨)ના મૃતદેહ મળી આવતાં પોલીસે બન્ને મૃતદેહ કબજે લઈ પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા.

બાદ કઠલાલ પોલીસે બે વિવિધ અપમૃત્યુના બનાવ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ડાકોર રણછોડરાયનું મંદિર છે કે મિઠાઈની દુકાન? : પ્રસાદીના લાડુની કિંમત વધારી દીધી

આણંદ,તા.૧૩

આજરોજ સવારના ૧૦.૦૦ કલાકથી ડાકોર મંદિરની પ્રસાદીની વિતરણ વ્યવસ્થામાં પ્રત્યેક યાત્રાળુઓને ફક્ત બે નંગ લાડુ પ્રસાદી આપવાનો નિર્ણય ડાકોર મંદિરના મેનેજર રૂપેશ શાસ્ત્રી દ્વારા લેવામાં આવ્યો હતો. જેની જાણ ડાકોરની જનતાને થતાં ડાકોરના સ્થાનિક પ્રજાજનોએ તથા બહારથી આવેલા યાત્રાળુઓ ડાકોર મંદિરના મેનેજર રૂપેશ શાસ્ત્રીને મળવા મંદિરની ઓફિસે પહોંચ્યા હતા અને મંદિરની ઓફિસમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. અને પ્રજામાં તથા યાત્રાળુઓમાં ઉગ્ર રોષ વ્યાપ્યો હતો.

મંદિરના મેનેજર રૂપેશ શાસ્ત્રીને વાતાવરણ ઉગ્ર બને અને પ્રજાના રોષનો ભોગ ન બનવું પડે તેથી નિર્ણય બદલીને રૂા.૨૦માં ૨ નંગ પ્રસાદીના લાડુ અને ત્યારબાદના પ્રત્યેક પ્રસાદીના લાડુની કિંમત રૂા.૧૫ લેખે લેવાનો નિર્ણય લીધો હતો.

મંદિરના મેનેજરને મળવા ગયા અને રજૂઆત કરતાં તેઓ દ્વારા મંદિરને આ દસ રૂપિયામાં એક લાડુ અમોને પોષાય તેમ નથી તેવું જણાવવામાં આવ્યું હતું અને પ્રત્યેક લાડુની કિંમતમાં મંદિર રૂા.૪ જોડે છે તેવું જણાવવામાં આવ્યું હતું. મંદિરના મેનેજરે પ્રત્યેક લાડુની કિંમત રૂા.૧૫ ન આંકતાં તેઓએ પ્રથમ બે લાડુની કિંમત રૂા.૨૦ અને ત્યારબાદના પ્રત્યેક લાડુની કિંમત રૂા.૧૫ આંકી મંદિરની લાડુ પ્રસાદીની વિતરણ વ્યવસ્થા ગોઠવી હતી.

મંદિરના મેનેજર જ્યારથી આવ્યા છે ત્યારથી વિવાદોમાં ઘેરાયેલા જોવા મળ્યા છે. આ સાથે પ્રજાજનોએ મંદિરના ભોજનાલયની વાતો પણ ઉછાળવામાં આવી હતી.

૦ - ૦ - ૦

# આણંદના આકાશને અમેરિકામાં ગોળી મારનારને પણ ફાયરીંગમાં ચાર ગોળી વાગી

**અમેરિકાની પોલીસે ફાયરીંગ કરનારને દવાખાનામાં સારવાર હેઠળ મોકલ્યો : આરોપીને રજા આપશે ત્યારે ધરપકડ થશે : વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ટ્વીટ કરીને મદદરૂપ થવાની તૈયારી બતાવી : આકાશના માતાપિતા અંતિમવિધિ માટે અમેરિકા જવા રવાના**

આણંદ,તા.૧૩

અમેરિકાના નોર્થ કેરોલીનાના ફેટીવીલી ટાઉનમાં આણંદના આકાશનું ૧૧ નવેમ્બરે ગોળી વાગતાં મોત નિપજ્યું હતું. આ ઘટનાએ સમગ્ર ચરોતરમાં શોકની લાગણીઓ પ્રસરી હતી. દિકરાના મૃતદેહની અંતિમવિધિ માટે તેના માતાપિતા અમેરિકા જવા રવાના થયા હોવાની માહિતી મળી છે.

ઘટના સંદર્ભે નવી વિગતો પણ હવે જાણવા મળી રહી છે જે મુજબ આણંદના સંકેત ગ્રીનલેન્ડમાં રહેતા પ્રીન્સીપાલ આર.સી.તલાટીનો એકનો એક પુત્ર આકાશની અમેરિકામાં માલીકીની ડાયમંડ જેન્ટલમેન નાઈટ કલબ હતી. શનિવારે મોડી રાત્રે કલબમાં એક વ્યક્તિ આવી હતી અને અસભ્ય વર્તન કરતો હતો. જેથી સિક્યુરીટી ગાર્ડ દ્વારા તેને બહાર કાઢી મુકાયો હતો. આ વ્યક્તિને અંદાજીત પાંચ વખત કલબ બહાર કાઢી મૂકાયો હતો. છેલ્લી વખતે આ વ્યક્તિ હાથમાં ગન લઈને આવ્યો હતો અને કલબમાં પ્રવેશીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેમાં આકાશ તલાટીનું મોત નિપજ્યું હતું અને ચાર ઘાયલ થયા હતા.

આ ઘટના અંગે અમેરિકાથી મળતી માહિતી મુજબ ફાયરીંગ કરનાર વ્યક્તિનું નામ માર્કીઝ ડેવીટ હતું અને તેની ઉંમર ૨૩ વર્ષની હતી. અંધાધૂંધ ફાયરીંગ વખતે કલબની સીક્યુરીટી ગાર્ડ દ્વારા સામું ફાયરીંગ કરાયું હતું જેમાં માર્કીઝ ડેવીટને પણ ગોળી વાગી હતી અને તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અમેરિકાની પોલીસે દવાખાનામાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે અને તેને રજા આપશે ત્યારે તેની ધરપકડ કરવા માટે પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો છે. માર્કીઝ ડેવીટને ચાર ગોળી વાગી હોવાનું અમેરિકા પોલીસ જણાવી રહી છે.

આણંદના તલાટી પરિવારના માથે કરૂણ ઘટના સર્જાતા હવે આકાશના પિતા આર.સી.તલાટી તથા માતા અનીલાબેન અમદાવાદ એરપોર્ટથી અમેરિકા જવા રવાના થઈ ગયા છે. હાલ આકાશનો મૃતદેહ પોલીસ તંત્ર પાસે છે. તેમના સ્વજનોને સોંપવામાં આવ્યો નથી.

આકાશની અંતિમવિધી તેના માતાપિતા અમેરિકા પહોંચ્શે ત્યારબાદ કરવામાં

(અનુસંધાન પાન ૨ ઉપર)

# નડીયાદ સંતરામ મંદિર પાછળની રૂદ્ર રેસીડન્સીની અગાસીમાંથી વેપારી યુવકની મોતની છલાંગ

**પત્ની દિકરાની સારવાર અર્થે બહેનપણી સાથે લાંભવેલ ગઈ અને પ્રેમલગ્ન કરનાર યુવકે પગલું ભર્યું**



(તસ્વીર : રાજુ મહંત, નડીયાદ)

નડીયાદમાં સંતરામ મંદિર પાછળ સંતરામ સોસાયટી રોડ પર આવેલ રૂદ્ર રેસીડન્સીમાં ત્રીજા માળે ૩૦૩ નંબરના ફ્લેટમાં રહેતા રાજનભાઈ હસમુખભાઈ પટેલ ઉ.વ.આશરે ૩૫ જેઓ કપડવંજ રોડ પર સીએનજી પંપ નજીક પાર્લે બિસ્કીટની એજન્સી ધરાવે છે તેઓએ આજે રૂદ્ર રેસીડન્સીના છઠ્ઠા માળે અગાસીમાં જઈ કોઈ અગમ્ય કારણોસર પડતું મુક્યું હતું. જેમાં તેઓનું પડતાંની સાથે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. નડીયાદ પોલીસ તપાસ ચલાવી રહેલ છે.

(બ્યુરો) નડીયાદ,તા.૧૩

નડીયાદના સંતરામ મંદિર પાછળ આવેલ રૂદ્ર રેસીડન્સીની અગાસીમાંથી આજે બપોરના સમયે રેસીડન્સીમાં રહેતા એક વેપારી યુવકે પડતું મુકીને મોત વહાલું કરી લીધાના બનાવે શહેરમાં ભારે ચકચાર મચાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડીયાદના કપડવંજ રોડ પરની કોર્ટ સામે પારલે બિસ્કીટની એજન્સી ધરાવતા રાજન હસમુખભાઈ પટેલે પાંચેક વર્ષ પૂર્વે પ્રામીબેન સાથે પ્રેમલગ્ન કર્યા હતા. બાદ દંપતીએ નડીયાદના સંતરામ મંદિર પાછળ આવેલ રૂદ્ર રેસીડન્સીમાં વસવાટ શરૂ કર્યો હતો. જ્યારે રાજનની માતા તેમજ એક ભાઈ શહેરની એક પોળમાં આવેલ પોતાના ઘેર રહેતા હતા.

સુખમય લગનજીવનના ભાગરૂપ રાજન અને પ્રામિ એક દિકરાના માતાપિતા બન્યા હતા. બન્નેના સંસાર રથનું ગાડું સુખમય રીતે પસાર થતું હતું.

રાજન આજે નિત્યક્રમ અનુસાર બપોરના સમયે ઘેર આવ્યો હતો. આ સમયે પત્ની પ્રામીબેન દિકરાની દવા લેવા માટે બાજુમાં રહેતા બહેનપણી સાથે લાંભવેલ ગયા હતા જેથી રાજન પોતાની પાસેની ચાવીથી મકાનમાં ગયો હતો.

દરમ્યાન રાજન મકાનને તાળું મારી ફ્લેટની અગાસીમાં પહોંચી ગયો હતો. બાદ તેણે કોઈ અગમ્ય કારણસર ફ્લેટની અગાસીમાંથી ભૂસકો માર્યો હતો. જેને લઈ શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થયેલ રાજન (ઉ.વ.૩૫)ના સ્થળ પરજ રામ રમી ગયા હતા.

દરમ્યાન જાણના પગલે નડીયાદ શહેર પોલીસની ટીમ ત્યાં દોડી આવી હતી. બાદ પોલીસે મૃતદેહ કબજે લઈ પી.એમ. અર્થે મોકલી આપી પોલીસે મૃતદેહ પાસે પડેલ રાજનનો મોબાઈલ, એક્ટીવાની ચાવી તેમજ ચંપલ કબજે કર્યા હતા.

આ વચ્ચે પત્ની પુત્રને લઈ લાંભવેલ ગયા બાદ છલાંગ લગાવી તેને લઈ શહેરમાં ચર્ચાઓ ઉઠવા સાથે રાજને

(અનુસંધાન પાન ૨ ઉપર)

# ચમારાના ફાર્મ હાઉસમાં પોલીસની રેડ : નશાની હાલતમાં વડોદરાના ૧૨ ઝડપાયા



(તસ્વીર : પુષ્પક પટેલ)

ચમારાના ભાઠામાં આવેલ ફાર્મ હાઉસમાં ગેટ-ટુ-ગેધર પાર્ટીમાં બીયરની મહેફીલ માણતા વડોદરાના ૧૨ યુવાનોની સાથે કિંમતી ગાડીઓ પણ પોલીસે પકડી હતી.

આણંદ,તા.૧૩

આંકલાવ તાલુકાના કાંઠાગાળાના ચમારા સીમમાં ગેટ ટુ ગેધર પાર્ટીમાં બીયરની મહેફીલ માણતા વડોદરાના ૧૨ યુવાનોની પોલીસે રેડ કરીને ધરપકડ કરી છે.

કાંઠાગાળા પંથકમાં ચકચાર જગાવનાર આ બનાવની વિગતો મુજબ આંકલાવ પોલીસ સ્ટેશનના પો.કો. ભાવેશભાઈએ નોંધાવેલી ફરીયાદ તેમને બાતમીદાર તરફથી માહિતી મળી હતી. જેમાં ચમારાના ભાઠા વિસ્તારની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાં કેટલાક મિત્રોએ ગેટ ટુ ગેધર પાર્ટીનું આયોજન કરેલ છે અને ઈંગ્લીશ દારૂની મહેફીલ યોજાઈ રહી છે. આ માહિતીના આધારે આંકલાવ પોલીસે ચમારાના ફાર્મ હાઉસ ઉપર છાપો માર્યો હતો. ફાર્મ હાઉસનો દરવાજો ખુલ્લો હોવાથી પોલીસ અંદર પહોંચી ગઈ હતી અને ત્યાં બાર જેટલા વ્યક્તિઓ બીયરની મહેફીલ માણતા નજરે પડ્યા હતા તથા જગ્યા ઉપર બાઈટીંગ માટેના વેફર, સેવમમરા તથા સીંગભજીયાના પાઉચ પડ્યા હતા. તથા નજીકમાં ૪૦ જેટલા બીયરના ખાલી ટીન તથા બે ટીન ભરેલા મળી આવ્યા હતા.

પોલીસે તમામ વ્યક્તિઓની પુછપરછ કરી હતી પરંતુ બધાજ દારૂના નશામાં ઢેલ થઈ ગયા હતા. બોલવામાં પણ લથડીયાં ખાતા હતા તથા નશામાં આંખો પર ઘેરાયેલી હતી. તથા તોતડાતી જીભે નામ પણ બોલી શકતા નહોતા. પોલીસે તમામ યુવકોની સ્થળ ઉપર ધરપકડ કરી હતી તથા વાહનો જપ્ત કર્યા હતા જેની કિંમત રૂા.૬.૭૫ લાખ થવા પામે છે. નશાની હાલતમાં ઝડપાયેલા ૧૨ વ્યક્તિઓ વડોદરાના રહેવાસી હતા જેમાં જેમીનભાઈ લીલાધરભાઈ મકવાણા, રહે.નારાયણનગર ગોત્રી, મુકેશભાઈ ગુલાબભાઈ રાજપૂત, રહે.વેજમંદિર, અક્ષયભાઈ કમલસીંગ રાજપૂત, રહે.હનુમાન ચાલી, કારેલીબાગ, નીકુંજભાઈ રમેશભાઈ પટેલ,કારેલીબાગ, હિરેનભાઈ રમેશભાઈ કહાર, નાગરવાડા, ભરતભાઈ દલસુખભાઈ માછી, કારેલીબાગ, રાકેશભાઈ પુનમભાઈ ચુડાસમા, કૃણાલ ભરતકુમાર પરીખ, બહુચરાજી રોડ, વિપુલભાઈ રાજુભાઈ પઢીયાર કારેલીબાગ, હર્ષદભાઈ જયંતીભાઈ તડવી, કારેલી બાગ, રાજેન્દ્રભાઈ રમેશભાઈ પઢીયાર કારેલીબાગ, નરેશભાઈ કીરીટભાઈ ચૌહાણ, નવી ધરતી ગોલવાડ વિરૂધ્ધ દારૂબંધી ગુના હેઠળ ગુનો નોંધ્યો છે.

# શિયાળો બેઠો : ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ ગગડ્યો

આણંદ,તા.૧૩

ઉત્તરપૂર્વીય ઠંડા પવનો ફૂંકાતા આજે સાંજે શહેરીજનોએ ઠંડીનો જોરદાર ચમકારો અનુભવ્યો હતો. સવારના સમયે નોકરીયાત વર્ગ, પેપર વેચતા ફેરીયાઓ તેમજ મજૂરી કામે જતા શ્રમિકોને ગરમ વસ્ત્રો પહેરવાની જરૂર પડી હતી. નવેમ્બર માસ અડધો થવાની સાથે જ ઠંડી પડવાની શરૂ થઈ ગઈ છે. રાત્રીના સમયે પારો ગગડીને ૧૨ ડીગ્રીએ પહોંચી જવા પામ્યો હતો. હજુ પણ પારો નીચે જશે તેમજ ઠંડીમાં વધારો થશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે.

આણંદ કૃષિ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી, લઘુત્તમ ૧૨ ડીગ્રી, સરેરાશ ૨૨.૫ ડીગ્રી ભેજના ટકા ૯૪ તેમજ પવનની ગતિ ૨ પ્રતિ કલાકની નોંધાઈ હતી. રાત્રીના સમયે ઠંડી વધી જતાં લોકોને ગરમ કપડાં પહેરવાની તેમજ રજાઈ, ગરમ ધાબળા ઓઢવાની જરૂર પડી હતી.

રાત્રીના સમયે ઠંડી વધી જતાં ગરીબ અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોએ ઠંડીથી બચવા માટે તાપણું કરતા જોવા મળ્યા હતા. હજુ ઠંડી વધશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે.

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**અક્ષરનિવાસી ભાવનાબેન બળવંતભાઈ સુથાર**

સ્વ.તા.૧૪/૧૧/૨૦૧૭ - ગામડી

જન્મ લઈ અમ પરિવાર મહીં વરસાવી પ્રેમ ઉર્મિ હૃદયમાં બજાવી ફરત તન, મન, નિસ્વાર્થપણે બની ભગીની, દિકરી, માતા અને પત્ની કેમ વિસરાય એ પ્રેમજળ જે સીંચ્યું તમે કરીએ પ્રાર્થના અમે સૌ આજ રહો આપનો આત્મા સદા શાંત. શ્રી હરિ પ્રભુ ચરણે.

લિ.

ગં.સ્વ. હંસાબેન વિઠ્ઠલભાઈ સુથાર
બળવંતભાઈ જેઠાભાઈ સુથાર
બ્રીજેશકુમાર બી સુથાર — વૃંદાબેન બી સુથાર
નીરૂભાઈ વી સુથાર — લીલાબેન એન સુથાર
કનુલાલ એમ સુથાર — ઉષાબેન કે સુથાર
કેતનકુમાર કે સુથાર — મીતલબેન કે સુથાર
જીગરકુમાર કે સુથાર — અંકીતાબેન જે સુથાર
વિનુભાઈ એન સુથાર, ભુલકાં રુદ્ર, તોષીત, શ્રેયા
ફર્મ : યોગી સર્વીસ સ્ટેશન-ગામડી



વિદ્યાનગરમાં ભાજપ દ્વારા જનસંપર્ક પ્રચાર કરાયો હતો જેમાં પાલિકા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (બાબાકાકા), ઉપપ્રમુખ જીતુભાઈ પટેલ, શોહ ભાજપ પ્રમુખ જેમીનભાઈ પટેલ તથા પાલિકાના ભાઈબહેનો કાઉન્સીલરો અને વિદ્યાનગર ભાજપના સંગઠનના કાર્યકરોએ પાલિકાના વોર્ડ નં.૯ના સમગ્ર વિસ્તારમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન સંપર્ક કરીને મતદારોનો ભાજપને ભારે બહુમતીથી જીતાડવા આહવાન કર્યું હતું.

# આણંદ પાસે ટ્રેનમાંથી મુસાફરની ૨૭ હજાર રૂા.ની બેગ ચોરાઈ

આણંદ,તા.૧૩

ટ્રેનમાં રાત્રિના સમયે મુસાફરોની ઊંઘનો લાભ લઈ બેગ ઊઠાવી જતી ટોળકીએ જમ્મુતાવી એક્સપ્રેસમાં પોતાનો કસબ અજમાવીને બેગ ચોરી કરી હોવાનું જણાયું છે.

ગાંધીનગરમાં રહેતા નિવાસ સુબ્રમણ્યમ અમદાવાદથી

(અનુસંધાન પાન ૨ ઉપર)

**જાહેર નિવીદા**

ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યાલય કેમ્પસ, મોગરી કેમ્પસ ખાતે પ્લાન તથા કેમ્પસમાં માર્કીંગ કર્યા મુજબ માટીકામ કરવાનું છે. તે બાબતે આજ રોજ તારીખ : 14-11-2017 ને મંગળવારના રોજ સવારે 10.00 થી બપોરના 1.00 કલાક સુધીમાં મોગરી કેમ્પસ ખાતે અમારા સુપરવાઈઝર સાથે મુલાકાત કરી કામ જોઈ લેવું તથા તા. 16-11-2017 સુધીમાં સીલબંધ કવરમાં આપના ભાવ મંત્રીશ્રી કાર્યાલય, ચરોતર એજ્યુકેશન સોસાયટી, સ્ટેશન રોડ, આણંદ ખાતે મોકલી આપવા.

મંત્રીશ્રી, કેતનકુમાર પી. પટેલ, ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ